ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ક્રમાંક:મકમ/૧૦૨૦૨૧/૨૨૦/ઈ

સચિવાલય,ગાંધીનગર

તા. 7 JUN 2022

વિષય :- ૧૯૯૦ના ગુજરાત સરકારના કામકાજના નિયમોના નિયમ-૧૫ હેઠળ બહાર પાડવામાં આવેલ સૂચનાઓની સૂચના ૪(૧) (ક) અન્વયે જુદી જુદી કક્ષાના અધિકારીઓની સત્તા નક્કી કરવા અંગે.

**<u>હુકમ:-</u>**

ગુજરાત સરકારના કામકાજનાં નિયમો-૧૯૯૦ના નિયમ-૧૫ હેઠળ બહાર પાડવામાં આવેલી સૂચનાઓની સૂચના નં.૪(૧)(ક) અનુસાર સદરહુ નિયમોની પહેલી અનુસૂચિના ભાગ-૨માં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને ફાળવેલ વિષયોના કેસોનો તા.૨૪/૧૧/૨૦૨૧ના હુકમ સાથે જોડેલ પરિશિષ્ટ-૧,૨,૩ અને ૪માં દર્શાવેલ કક્ષાએ નિકાલ કરવાના આદેશો કરવામાં આવેલ છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૪/૧૧/૨૦૨૧ હુકમ ક્રમાંક: મકમ/૧૦૨૦૨૧/૨૨૦/ઈ થી કરવામાં આવેલ સત્તા સોંપણીના હુકમોમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

| પરિશિષ્ટ-૧ (માન.મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ) કક્ષાએ નિકાલ કરવાની બાબતો | | |
|---|---|---|
| એન્ટ્રી ક્રમ | તા.૨૪/૧૧/૨૦૨૧ના હુકમમાં દર્શાવેલ બાબત | સુધારેલ બાબત |
| ૦૨. | વિભાગ/ખાતાના વડા હસ્તકનાં વર્ગ-૧ના અધિકારીઓની ચાર્જ સોંપણીની બાબત | વિભાગ/ખાતાના વડા હસ્તકના વર્ગ-૧ના અધિકારીઓની દિન-૧૫ કરતા વધારે દિવસની રજા દરમ્યાન ચાર્જ સોંપવાની બાબત માન.મંત્રીશ્રી કક્ષાએ રહેશે. |
| ૧૩ | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના તમામ ખાતાનાં વડાઓ અને કચેરીમાં આઉટસોર્સિંગથી તથા અન્ય રીતે લેવામાં આવતી તમામ પ્રકારની સેવાઓ માટે એજન્સી નક્કી કરવા માટે તથા અન્ય તમામ કામગીરીનાં કોન્ટ્રાક્ટ તેમજ ટેન્ડર મંજૂરીની તમામ બાબત. | નિયામકશ્રી કક્ષાની સમિતિમાં મંજૂર કરવાના થતા તમામ પ્રકારની સેવાઓ તથા અન્ય કામગીરીના કોન્ટ્રાકટ તેમજ ટેન્ડરની મંજૂરી, નિયામકશ્રીએ સીધે સીધો માન.મંત્રીશ્રીનો અનૌપચારિક પરામર્શ કરી આપવાની રહેશે |

| | | |
|---|---|---|
| ૧૪. | સરકારી તેમજ અનુદાનિત (ગ્રાન્ટ ઈન એઈડ) તમામ આશ્રમશાળાઓ, નિવાસી શાળાઓ તથા સરકારી છાત્રાલયો, ભીક્ષુક ગૃહો, ચાઈલ્ડ હોમ, વૃધ્ધાશ્રમો, દિવ્યાંગ સંસ્થાઓની મંજૂરી, તબદીલી તથા સ્થળફેરની દરખાસ્તો. | ઉલ્લેખેલ સંસ્થાઓની મંજૂરી, તબદીલી તથા સ્થળફેરની દરખાસ્તો મંજૂર કરવાની સત્તા સંબંધિત નિયામકશ્રીની રહેશે. સંબંધિત નિયામકે બારોબાર અત્રેના અનૌપચારિક પરામર્શમાં કાર્યવાહી હાથ ધરવાની રહેશે. |
| ૧૮. | ન્યાયિક અદાલતોના ચૂકાદાઓ સ્વીકારવા અંગેની બાબતો | ચુકાદો સ્વીકારવો કે પડકારવો તેનો સૈધ્ધાંતિક નિર્ણય અત્રેની કક્ષાએ લઈ ત્યારબાદ કાયદા વિભાગને પ્રકરણ રજૂ કરવાનો રહે છે. |
| પરિશિષ્ટ-૩ | | |
| એન્ટ્રી ક્રમ | તા.૨૪/૧૧/૨૦૨૧ના હુકમમાં દર્શાવેલ બાબત | સુધારેલ બાબત |
| 0૩. | વિભાગ/ખાતાના વડા હસ્તકનાં વર્ગ-૩ના બિનરાજ્યપત્રિત કર્મચારીઓની નિમણૂંક/બઢતી/બદલી/ચાર્જ સોંપણીની સહિતની મહેકમને વિષયક તમામ બાબત. | ખાતાના વડા હસ્તકનાં વર્ગ-૩ના બિનરાજ્યપત્રિત કર્મચારીઓની નિમણૂંક/બઢતી/બદલી/ચાર્જ સોંપણીની સહિતની મહેકમને વિષયક તમામ બાબતોનો નિકાલ ખાતાના વડા કક્ષાએ કરવાનો રહેશે. |

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૪/૧૧/૨૦૨૧ના સત્તા સોંપણીના હુકમોની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

(પ્રદિપ પરમાર)
મંત્રી
સામાજિક ન્યાય અને અધિકારિતા

<u>નકલ રવાના :</u>

-માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)

-માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.(પત્ર દ્વારા)

-માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(મહિલા અને બાળ કલ્યાણ(સ્વતંત્ર હવાલો),સા.ન્યાય અને અધિકારિતા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-માન.રાજયકક્ષાના મંત્રીશ્રી(સા.ન્યા.અ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર. (પત્ર દ્વારા)
-અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.અ.)ના રહસ્ય સચિવશ્રી,સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-રજીસ્ટારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.(પત્ર દ્વારા)
-સર્વે અધિક/સંયુકત/નાયબ સચિવશ્રી,સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-નિયામકશ્રી,(અ.જા.ક.,વિ.જા.ક., સ.સુ.),ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
-એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
-પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
-સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સેકશન અધિકારીશ્રી(કો.સેલ.), વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
-સચિવાલયના સર્વે વિભાગો.
-સિલેકટ ફાઈલ-૨૦૨૨.